## જાહેરનામું

<u>પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૮૨૫/૨૦૧૪ તા. ૩/૧૧/૨૦૧૪</u>

હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આગામી તા.૬/૧૧/૨૦૧૪ ના રોજ ભારત V/S શ્રીલંકા ડે નાઇટ ક્રિકેટ મેચ દરમ્યાન ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય અને યોગ્ય ટ્રાફીક વ્યવસ્થા જળવાઇ રહે તે માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

<u>હુકમ</u> :-

અમદાવાદ શહેરમાં આગામી તા.૬/૧૧/૨૦૧૪ ના રોજ ભારત V/S શ્રીલંકા ડે નાઇટ ક્રિકેટ મેચ સરદાર પટેલ ગુજરાત સ્ટેડીયમ મોટેરા ખાતે રમાનાર છે અને આ મેચ જોવા માટે મોટા પ્રમાણમાં પબ્લીક આવતી હોઇ અને મેચ જોવા આવનાર પબ્લીકના વાહનોની અવરજવર માટે ટ્રાફીક વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઇ રહે તે માટે તા.૬.૧૧.૨૦૧૪ ના રોજ મોટેરા સ્ટેડીયમ તરફ જવા માટે જનપથ હોટલ ટી થી મોટેરા સ્ટેડીયમ તરફ જતો માર્ગ કલાક ૧૦.૩૦ થી મોટેરા સ્ટેડીયમ તરફ જવા માટે એક માર્ગીય કરવા તેમજ મેચ પુર્ણ થવાના સમયે કલાક ૧૯.૩૦ થી મોટેરા સ્ટેડીયમ તરફથી જનપથ ટી તરફ આવતો માર્ગ એક માર્ગીય કરવામાં આવે છે.

1. તા.૬/૧૧/૨૦૧૪ ના રોજ ભારત V/S શ્રીલંકા ડે નાઇટ ક્રિકેટ મેચ દરમ્યાન પાવરહાઉસ તરફથી આવતા ક્રિકેટમેચ જોવા જનાર વાહનો કલાક ૧૦.૩૦ થી જનપથ ટી થી મોટેરા સ્ટેડીયમ સુધી જઇ શકશે અને તે સિવાયના વાહનો જનપથ ટી થી સીધા વિસત ટી થઇ ગાંધીનગર તરફ જઇ શકશે અને આ સમયે મોટેરા કેના બંગલો ચાર રસ્તા (સુખસાગર) તરફથી જનપથ ટી તરફ કોઇપણ પ્રકારના વાહનો જઇ શકશે નહી. ફક્ત મેચ જોવા જનારને ટીકીટ ચેક કરી મોટેરા સ્ટેડીયમ સુધી જવા દેવામાં આવશે. પરંતુ તેઓ વિસત-ટી થઇ જનપથ ટી થઇ પાવર હાઉસ તરફ જઇ શકશે તેમજ ડે-નાઇટ ક્રિકેટ મેચ પુરી થવાના સમયે કલાક ૧૯.૩૦ થી મોટેરા સ્ટેડીયમ તરફથી જનપથ ટી તરફ વાહનો જઇ શકશે પરંતુ જનપથ ટી તરફથી મોટેરા સ્ટેડીયમ તરફ વાહનો જઇ શકશે નહી અને તેઓ જનપથ ટી થઇ વિસત ટી થઇ ગાંધીનગર તરફ જઇ શકશે.
2. તપોવન સર્કલ તરફથી મોટેરા ટી (સૃષ્ટી આર્કેડ) થઇ મેચ જોવા આવતાં વાહનો કલાક ૧૦.૩૦ થી મોટેરા સ્ટેડીયમ સુધી આવી શકશે. જ્યારે તે સિવાયના વાહનો સીધા વિસત ટી તરફ જઇ શકશે અને ક્રિકેટ મેચ પુરી થવાના સમય દરમ્યાન કલાક ૧૯.૩૦ થી મોટેરા સ્ટેડીયમ તરફથી તપોવન સર્કલ તરફ મોટેરા ટી થઇ વાહનો જઇ શકશે અને મોટેરા સ્ટેડીયમ તરફ આવી શકાશે નહી.
3. ન્યુ સી.જી.રોડ કટ ડીવાઇડર સંગાથ મોલથી મોટેરા સ્ટેડીયમ તરફ મોટા વાહનો અવરજવર કરી શકશે નહી.
4. કોટેશ્વર તરફથી આવતાં ક્રિકેટ મેચ જોવા આવનાર સિવાયના કોઇપણ વાહનો સ્ટેડીયમ તરફ આવી શકશે નહી.

<u>અપવાદ</u> : ફક્ત ક્રિકેટ મેચ જોવા જનારને મોટેરા સ્ટેડીયમમાં જવા દેવામાં આવશે.